
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૦૭



જેમ, ગમે તેટલો પવન હોય પણ મેરુ પર્વત ડગે નહીં તેમ, પર્યાય ગમે તેટલી બદલાય–પરિણમે પણ ધ્રુવ દ્રવ્ય પલટે નહીં! ધ્રુવ ક્યારે પણ પરિણમતું નથી. જો ધ્રુવને પરિણમન હોય તો પોતે જ પર્યાય થઈ જાય! આહાહા!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ સ્વરૂપની સંભાળ અને ભોગોનો પ્રેમ—એ બંને વાતો એક સાથે જ જૈનધર્મમાં હોઈ શકે નહિ, તેથી જોકે સમ્યગ્જ્ઞાની વર્ગણા, યોગ, હિંસા અને ભોગોથી અબંધ છે તોપણ તેને પુરુષાર્થ કરવાને માટે જિનરાજની આજ્ઞા છે, તેઓ શક્તિ પ્રમાણે પુરુષાર્થ કરે છે પણ ફળની અભિલાષા રાખતા નથી અને હૃદયમાં સદા દયાભાવ રાખે છે, નિર્દય હોતા નથી. પ્રમાદ અને પુરુષાર્થહીનતા તો મિથ્યાત્વ દશામાં જ હોય છે, જ્યાં જીવ મોહનિદ્રાથી અચેત રહે છે; સમ્યક્ત્વભાવમાં પુરુષાર્થહીનતા નથી. ૯૪૮.

*(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર, પદ-૬)*

❀ પર દ્વારા મારા ગુણ (પર્યાય) કરી કે હરી શકાતાં નથી અને મારા દ્વારા પરના ગુણ ઉત્પન્ન કરી કે દૂર કરી શકાતા નથી. તેથી પર દ્વારા મારા ગુણ અને મારા દ્વારા પરના કોઈ ગુણ ઉપકાર કરવામાં આવે છે અથવા કરવામાં આવતાં નથી. એ બધી કલ્પના મિથ્યા છે કે જે મોહથી અભિભૂત જીવો દ્વારા કરાય છે. ૯૪૯.

*(શ્રીઅમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા-૧૬-૧૭)*

❀ હે યોગી! જો તૂ ચિન્તાઓંકો છોડેગા તો સંસારકા ભ્રમણ છૂટ જાયેગા, ક્યોંકિ ચિંતામેં લગે હુએ છદ્મસ્થ અવસ્થાવાલે તીર્થંકરદેવ ભી પરમાત્માકા આચરણરૂપ શુદ્ધભાવોંકો નહીં પાતે. ૯૫૦. *(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૨, ગાથા-૧૭૦)*

❀ દ્રવ્યાનુયોગમાં નિશ્ચય અધ્યાત્મ ઉપદેશની પ્રધાનતા હોય છે તેથી ત્યાં વ્યવહારધર્મનો પણ નિષેધ કરીએ છીએ. જે જીવ, આત્માનુભવના ઉપાયને તો કરતો નથી અને માત્ર બાહ્યક્રિયાકાંડમાં મગ્ન છે તેને ત્યાંથી ઉદાસ કરી આત્મનુભવાદિમાં લગાવવા અર્થે વ્રત-શીલ-સંયમાદિનું પણ અહીં હીનપણું પ્રગટ કરીએ છીએ, ત્યાં એમ ન સમજી લેવું કે એને (વ્રત-શીલ-સંયમાદિને) છોડી પાપમાં લાગી જવું, કારણ કે એ ઉપદેશનું પ્રયોજન કાંઈ અશુભમાં જોડવાનું નથી પણ શુદ્ધોપયોગમાં લગાવવા માટે શુભોપયોગનો નિષેધ કરીએ છીએ. ૯૫૧. *(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર-૮, પાનું-૨૮૭)*

❀ ભાવમોહ અપવિત્ર, આત્માના ગુણોંનો ઘાત કરવાવાળો, રૌદ્રરૂપ (ભયંકર રૂપ), દુઃખ અને દુઃખરૂપ ફળને આપવાવાળો છે. એ ભાવમોહના વિષયમાં અધિક ક્યાં સુધી કહીયે? માત્ર એ ભાવમોહ જ સંપૂર્ણ વિપત્તિઓનું સ્થાન છે. ૯૫૨.

*(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૧૦૬૩)*

❀

વર્ષ-૧
અંક-૫




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૩
January
A.D. 2007


# જે તે સમયની જાણવાની પર્યાય પણ ક્રમબદ્ધ!!

(શ્રી સમયસાર, ગાથા–૩૨૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ, શ્રી સમયસાર શાસ્ત્ર છે. તેમાં ૩૨૦ મી ગાથા આવ્યા છીએ. તેમાં જેને સાંભળવાની ગરજ છે એવો શિષ્ય પ્રશ્ન પૂછે છે. સાંભળવા ખાતર સાંભળવું એ જુદી ચીજ છે અને પોતાના આત્મા માટે સાંભળવું એ જુદી વાત છે. જિજ્ઞાસાવાળો શિષ્ય પૂછે છે કે ધર્મી જીવ રાગ-દ્વેષ આદિને કરતો નથી અને ભોગવતો નથી, માત્ર જાણે જ છે, એ કઈ રીતે? તેની રીત–પ્રકાર શું છે? એવું જાણવાની જેની જિજ્ઞાસા છે તેને આચાર્ય ભગવાન ઉત્તર આપે છે.

જ્યમ નેત્ર તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.

પૂછવાનું એમ છે કે આત્મા આ બધુ કરતો અને વેદતો દેખવામાં આવે છે અને તમે કહો છે કે આત્મા કરતો પણ નથી અને વેદતો પણ નથી; પરને કરે નહીં અને રાગને વેદે નહીં–એ શું ચીજ છે? આ આત્માની શું આશ્ચર્યતા-સ્વભાવની વિસ્મયતા શું છે? એમ શિષ્યને જાણવાની જિજ્ઞાસા થઈ છે.

'જેવી રીતે આ જગતમાં નેત્ર દૃશ્ય પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી દૃશ્ય પદાર્થને કરતું નથી અને વેદતું નથી....' પહેલાં તો જગતનું અસ્તિત્વ-હયાતી સિદ્ધ કરી કે જગત છે. પછી કહે છે કે આંખ જેને દેખે છે તે દૃશ્ય

પદાર્થથી આંખ અત્યંત ભિન્ન છે. આમ, આ સિદ્ધાંત કહ્યો કે પોતાનાં હોય તેનું કરવાપણું-વેદવાપણું હોય પણ ભિન્ન વસ્તુનું કરવું-વેદવું ન હોય. દરેક પદાર્થને આંખ દેખે છતાં તેનાથી આંખ ભિન્ન હોવાથી તેને કરે અને વેદે કેવી રીતે? જેને આંખ અડતી પણ નથી તેને કરે અને ભોગવે એમ ન બને. આંખ છે તે જગતની ચીજને જોવે છતાં આંખથી જગતની ચીજ કાંઈ કરાય નહીં કે ભોગવાય નહીં.

'જો એમ ન હોય તો...' જો આંખ જગતની ચીજને કરતી અને વેદતી હોય તો અગ્નિને દેખવાથી, સંધૂકણની માફક, આંખને અગ્નિનું સળગાવવાપણું આવે. આંખ છે તે પરપદાર્થથી ભિન્ન હોવા છતાં જો તેને કરે અને વેદે તો અગ્નિનું સળગાવવાપણું આવે. આંખ-નજર જ્યાં પડે ત્યાં તે પદાર્થ સળગવો જોઈએ. 'અને લોખંડના ગોળાની માફક આંખને અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય.' જો આંખ પરને ભોગવતું હોય તો લાખંડનો ગોળો અગ્નિમાં જેમ ઉષ્ણ થઈ જાય છે તેમ આંખ પણ અગ્નિમાં અગ્નિમય થઈ જવી જોઈએ.

'જો આંખ છે તે કોઈ પણ પદાર્થને કરતું ને વેદતું હોય તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી. માટે નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું નથી.' આંખ છે તે દેખવાયોગ્ય પદાર્થને (દેખવાયોગ્ય-એટલો સંબંધ ખરો) કરે કે વેદે તો આંખ છે તે અગ્નિમય જ થઈ જાય-બળી જાય, પરંતુ એમ થતું નથી.

આંખ છે તે કેવળ દર્શનમાત્ર સ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે. આંખ છે તે કેવળ દેખતું જ હોવાથી કોઈને તે કરતું નથી અને કોઈને વેદતું નથી. અગ્નિને આંખ કરતી નથી અને અગ્નિથી આંખ બળતી નથી. આ તો દૃષ્ટાંત થયું. હવે, સિદ્ધાંત આત્મા ઉપર ઉતારે છે:

'તેવી જ રીતે જ્ઞાન પણ, પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી...,' જ્ઞાન-આત્મા તે વ્યવહારથી પરને દેખનાર છે. જેમ નેત્ર દેખે છે તેમ, જ્ઞાન પણ પરને દેખે છે ખરો. જે કાળે જે ચીજ છે તેને જેમ નેત્ર દેખે છે તેમ જ્ઞાન પણ દેખે છે. દેખવા ઉપરાંત કરવું અને વેદવું તે જ્ઞાનમાં હોતુ નથી. આત્મા પરને દેખે છે એટલું તો લીધું; જો કે પરને દેખવું એ પણ હજી વ્યવહાર છે, છતાં એટલો સંબંધ લીધો.

જો પરને દેખે છે એટલો વ્યવહાર છે તો પછી પરને કરે છે એટલો વ્યવહાર પણ હોવો જોઈએ! પણ એવું નથી. જેમ, નેત્ર અગ્નિને દેખે ખરું પણ અગ્નિને કરે કે

વેદે નહીં તેમ, આત્મા-જ્ઞાન કર્મને દેખે ખરો પણ તેનાથી અત્યંત ભિન્ન હોવાથી નિશ્ચયથી તેને કરવા–વેદવાને અસમર્થ છે.

આત્મા પોતાના પરિણામને કરે અને વેદે છે તેમ પરને કરતું કે વેદતું નથી. આત્મા પોતાના નિર્મળ પરિણામને કરે અને વેદે છે પણ વિકારી પરિણામને કરતું-વેદતું નથી.

આત્મા પરની સાથે દેખવાના સંબંધથી પરને દેખે તો છે પણ તેથી પરનું કરે કે તેને વેદે એમ છે નહીં. હાથને હલાવે, પગને હલાવે, આંખને હલાવે, બોલે એ બધું દેખે છે, પણ કરતો નથી. રાગ–કર્મ આદિને જ્ઞાન કરતું નથી અને વેદતું નથી. આત્મા જ્ઞાન સ્વભાવી હોવાથી કર્મના ઉદયને દેખે પરંતુ દેખવાના સંબંધમાત્રથી કર્મને કરે કે વેદે એવું નથી.

પરને જાણવા-દેખવાનાં સંબંધવાળું હોવા છતાં પરને કરતું-વેદતું જરા પણ નથી. આહાહા! આ તો આખો દિવસ ધંધા ઉપર બેસે છે ને? તો કહે છે કે આત્માને અને પરને દેખવા માત્રનો સંબંધ છે. દેખવા ઉપરાંત તેને કરવા અને વેદવાનો બિલકુલ સંબંધ નથી.

જેમ, આંખ અગ્નિને કાંઈ કરતું નથી તેમ, ભગવાન આત્મા કર્મને અને કર્મથી મળેલી ચીજોને કરતો કે ભોગવતો નથી. આત્મા કર્મને કાંઈ કરતો કે ભોગવતો નથી તો પરની તો વાત જ ક્યાં રહી! ભગવાન તો કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળો છે. જ્ઞાન આખી દુનિયાને દેખે છે.

વિષયવાસનાના કાળે સંયોગને દેખે છતાં તે વિષયવાસનાને કરતો નથી; અને સામી ચીજ જેને ભોગવે છે એમ દેખાય છે તેને એ આત્મા ભોગવતો નથી! આહાહા! કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળો છે! એકાંતે જ્ઞાનસ્વભાવવાળો કહ્યું; કથંચિત્ જ્ઞાનવસ્વભાવ અને કથંચિત્ કર્તા—એમ નથી. રાગનું કર્તાપણું, અરે! બંધ ને મોક્ષનું કર્તાપણું કથંચિત્ હોય તો અનેકાંત કહેવાય—એમ નથી. આહાહા!

ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવવાળો હોવાથી જાણવાનું કામ તો કરે પણ રાગ ને બંધને કરતું તો નથી પણ રાગને બંધને વેદતું પણ નથી. જાણવાના સ્વભાવવાળું હોવાથી બંધને જાણે પણ બંધને કરે અને વેદે એમ નથી. આમાં પરનું કરવું તો ક્યાંય રહી ગયું. રજકણથી માંડીને આખી દુનિયાને દેખે પણ તે દેખવાના સંબંધમાત્રથી તે એક રજકણને કરવા કે વેદવાનો સંબંધ થઈ જાય એમ નથી.

પરને જાણવા-દેખવાનો સ્વભાવ છે એટલા માત્રથી પરને કરે અને વેદે એમ છે નહીં. આત્મા કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળો હોવાથી બંધને જાણે–પરજ્ઞેય તરીકે જાણે, પણ

બંધને કરે નહીં. ગોમ્મટસાર આદિમાં તો એવું આવે કે જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાય, પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા એવું આવે છે.

આત્મા બોલે નહીં, ચાલે નહીં, બીજાને શીખામણ આપે નહીં, બીજાથી શીખામણ લે નહીં, માત્ર જાણે. અહીં આમ કહ્યું પણ કાલે આવ્યું હતું કે ગુરુના વચનોને પામીને સુદૃષ્ટિ કરી લીધી; પણ એ તો એમ કે ગુરુએ સુદૃષ્ટિ કરવાનો ઉપદેશ આપ્યો અને શિષ્યએ સુદૃષ્ટિ કરી લીધી. જ્યારે અહીં તો કહે છે કે કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળો હોવાથી બંધને કરતો નથી, માત્ર જાણે છે.

શાસ્ત્રમાં આવે છે કે ચોથે ગુણસ્થાને આટલી પ્રકૃતિની સત્તા હોય, આટલી પ્રકૃતિનો ઉદય હોય, આટલું વેદન હોય એટલે કે અનુભાગ હોય પણ એ બધુ આત્મા જાણે. એ બધી વાત આવે પણ એને જાણે માત્ર! આહાહા! અરે! કર્મ તો નજીકની ચીજ છે તેને પણ કરે નહીં પણ માત્ર જાણે તો બીજી જે પર ચીજ છે તેને કરવાનું તો ક્યાં રહ્યું! આહાહા!

આત્મા ચાલે, બોલે, પરને મદદ કરે, પરથી મદદ લે એ વસ્તુનાં સ્વરૂપમાં નથી. જ્ઞાન છે એ બંધને તો શું પણ મોક્ષને પણ કરતું નથી! આહાહા! વાત ઘણી ઊંચી છે. બંધને ભલે ન કરે પણ મોક્ષ-પૂર્ણ દશાને તો કરે ને? તો કહે કે ના, તે કાળે તે પર્યાય થાય જ છે તેને કરે શું? ન હોય તેને કરવાનું હોય. જેની સ્થિતિ ન હોય તેને કરે તો કાંઈક કર્યું કહેવાય; પણ જાણનાર જ્ઞાની 'મોક્ષની પર્યાય છે' એમ જાણે છે એને જાણે બસ. આહાહા!

મોક્ષની પર્યાયને પણ જ્ઞાન-આત્મા કરે નહીં કેમ કે તેનામાં એક 'ભાવ' નામનો ગુણ છે. એ ભાવગુણને લઈને દૃષ્ટિ જે દ્રવ્ય ઉપર પડી અને દ્રવ્યનો સ્વીકાર થયો ત્યાં જે બંધ છે તેનો પણ કર્તા નથી રહેતો. તે ગુણસ્થાને તેના પ્રમાણમાં કર્મનો ઉદય આવે અને ઉદીરણા થાય એને પણ કરતો નથી. આ છેલ્લી હદ છે! આહાહા!

ખૂબ જ ખેંચીને કહીએ તો જાણે-દેખે એમ કહીએ પણ ખરેખર તો પરનું જાણવું-દેખવું એ પણ વ્યવહાર છે.

શ્રોતા :—જાણતો નથી એ વ્યવહાર છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પરને જાણે છે એ પણ વ્યવહાર છે. એમાં કરવા અને વેદવાની તો વાત જ નથી. પોતે પોતાને જ જાણે છે તે નિશ્ચય છે. આહાહા!

આત્મતત્ત્વ જ્ઞાનસ્વરૂપી ભગવાન એ મોક્ષને કરે એમ નથી; તો એમાં પુરુષાર્થ ક્યાં ગયો ત્યાં? કહે છે કે આત્મા જાણે એ જ એનો પુરુષાર્થ છે. 'આ મોક્ષ થયો' એમ

જાણે. શુભ-અશુભભાવને લઈને જે પર્યાય જે વખતે થવાની તે જ પર્યાય તે જ વખતે થવાની. વિકલ્પ કરું તો શુભ કે અશુભ પર્યાય થાય–એવું વસ્તુના સ્વરૂપમાં નથી.

આત્મા બંધને પણ કરતો નથી અને મોક્ષને પણ કરતો નથી, કારણ કે મોક્ષની પર્યાય તે કાળે તે થવાની જ છે. થવાની છે તેને કરે એટલે શું? થવાની છે...થાય છે...થાય છે...થાય છે તેને કરે એટલે શું? પર્યાય થાય છે અથવા પર્યાય છે તેને કરવું શું? મોક્ષની પર્યાય છે—જાણનારને મોક્ષની પર્યાય ત્યાં છે; તે જે છે તેને કરવું શું? સત્‌ને કરવું શું? જે છે તેને કરે તો જે છે તે નથી એમ થઈ જાય.

મોક્ષની પર્યાય પણ તે કાળે થાય તેવો તેનો સ્વભાવ છે. દ્રવ્યદૃષ્ટિ થઈ તેથી અંતરમાં ગુણમાં એવો ભાવ નામનો ગુણ છે કે જેને લીધે પર્યાય થાય જ. ભાવ નામના ગુણને લીધે મોક્ષની પર્યાય છે તે થાય જ. આહાહા! દ્રવ્યદૃષ્ટિ થઈ તેને મોક્ષની પર્યાય થાય છે...થાય છે...થાય છે તેને કરે એવું કઈ રીતે હોય! આવું ઝીણું છે.

તે તે કાળે તે તે પર્યાય થાય જ છે અથવા 'છે' અથવા સત્ છે. સત્ છે તેને કરે? અહીં તો પ્રભુ! જ્ઞાનમાત્રસ્વભાવવાળો હોવાથી તે સમયે મોક્ષની પર્યાય થાય છે. થાય છે તેને કરે તે તો વિરુદ્ધ થઈ ગયું. છે તેને કરે છે એ તો વિરુદ્ધ છે, તેને જાણે છે. આહાહા! આવું વસ્તુનું સ્વરૂપ છે.

બંધ અને મોક્ષની જેમ કર્મનો ઉદય છે તેને જાણે છે. એ જ્ઞાન જ્ઞાનમાં રહીને પોતાની દ્વિરૂપતાને જાણે છે, એટલું ભલે કહીએ; પણ એ સીવાય કરે એવું બીજું કાંઈ નથી. ઉદયને જાણે એટલી વાત બસ. ઉદયને અને નિર્જરાને, જાણવાના સ્વભાવવાળો હોવાની અપેક્ષાએ, જાણે છે.

નિર્જરાને પણ આત્મા કરતો નથી કેમ કે એ સમયે અશુદ્ધતા ટળે છે, શુદ્ધતા વધે છે અને કર્મ ખરે છે–એ ત્રણે એ સમયે છે જ. એક સમયમાં એ ત્રણેય છે જ. છે તેને કરે શું? આંહાહા!

'સોનાને કે હિરાને ઘસે છે' તો કહે છે કે એ સોના કે હિરાની તે પર્યાય તો ત્યાં છે જ, એ છે તેને કરે તેનો અર્થ શું? નથી તેને કરે તેમ હોય પણ તે પર્યાય ત્યાં છે તેને કરે શું? આહાહા!

શુદ્ધિની વૃદ્ધિ તે નિર્જરા, અશુદ્ધિનું ટળવું તે પણ નિર્જરા અને કર્મનુ ખરવું તે પણ નિર્જરા છે. શુદ્ધિની વૃદ્ધિ તે ખરેખર નિર્જરા છે. અહીં એ કહે છે કે શુદ્ધિની વૃદ્ધિ પણ

તે કાળે છે જ, શુદ્ધતાની વૃદ્ધિ તે ખરી નિર્જરા, અશુદ્ધતાનું ગળવું એ વ્યવહાર નિર્જરા અને કર્મનું ખરવું એ તો અસદ્‌ભુત વ્યવહારનયે નિર્જરા છે. શુદ્ધતાનું વધવું–શુદ્ધ ઉપયોગનું થવું તે સમયે ત્યાં છે; તો જે છે તેને કરવું શું?

શ્રોતા :—ઉપજે છે એમ પણ ન લેવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઉપજે છે તેને પણ કરતો નથી. જે ઉપજે છે તે છે જ, તેને કરવું શું?–એમ સિદ્ધ કર્યું. મોક્ષ થાય છે, નિર્જરા થાય છે તેની હૈયાતી તો છે; તો જેની હૈયાતી છે તેને કરવું છે?

નિર્જરા થાય છે તેને કરે શું? મોક્ષ પણ થાય છે, તે સમયે સત્ છે તેને કરે શું? ક્રમબદ્ધથી ઉપાડ્યું છે. મોક્ષની પર્યાય પણ ક્રમસર કાળે થાય છે, તેને કરવું શું? આહાહા! એને બદલે પરનું કરું, પરને સહાય કરું, મદદ કરો તો સંપથી રહી શકાય–એવું લોકોને બહારથી મીઠું લાગે પણ એ દૃષ્ટિ વિરુદ્ધ છે.

જેમ ત્રિકાળી સ્વભાવ સત્ છે–જેમ ત્રિકાળી આત્મા સત્ છે તેને શું કરવું? તેમ તે તે પર્યાય તે તે કાળે સત્ જે છે તેને શું કરવું? બંને સત્ છે. એક તો વસ્તુ ત્રિકાળીપણે સત્ છે અને બીજુ નિર્જરા અને મોક્ષ એ પણ તે કાળના સમયપણે સત્ છે; એને કરવું શું? ગજબ વાત કરી છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે ને!

જાણવાની પર્યાય નિર્જરા અને મોક્ષને જાણે છે પણ કરતી નથી એમ કહ્યું પણ ખરેખર તો તે સમયે જાણવાની પર્યાય પણ તે જ પ્રકારે થવાની હતી તે જ થઈ છે. નિર્જરા અને મોક્ષને જાણે એવી જ પર્યાય તે કાળે ત્યાં થવાની જ છે. આહાહા! જરા ઝીણું છે!

નિર્જરા અને મોક્ષની પર્યાય તો છે; છે તેને ભલે જાણે તેમ કહીયે પણ જાણવાની પર્યાય પણ તે કાળે છે જ. છતાં પરને જાણે છે એટલું કહેવામાં આવે છે. એ પરને જાણે છે એ રીતે જ્ઞાનની પર્યાય એ કાળે છે જ. જ્ઞાનની પર્યાય જે સર્વવિશુદ્ધ છે તે પરને જાણે છે તે રીતે જ તે છે. પર છે માટે પરને જાણે છે એમ નથી. આહાહા! આવો માર્ગ છે!

સત્ ને સત્ તરીકે સિદ્ધ કરે છે. 'જાણે છે' એટલું કહેવાય છે પણ જાણે છે તે જાણવાની પર્યાય પણ સત્ છે. એ જાણવાની પર્યાય પણ ક્રમસરમાં તે કાળે તેને જાણે એવું પોતે પોતાની પર્યાયપણે છે. ઝીણું ખૂબ છે!

શ્રોતા :—ઝીણું છે પણ પુરું સત્ય આવી ગયું છે.

ચારેય બોલ લીધા છે. દ્રવ્યબંધથી તો જ્ઞાન ભિન્ન જ છે પણ ભાવબંધને પણ તે જ પ્રકારે તે ત્યાં જાણે છે. રાગ થાય છે તે તે કાળે તે થાય છે તેને તે તે કાળે જાણવાનું કામ તે જ્ઞાનની પર્યાય પોતાથી કરે છે. એ રાગ અને બંધ છે માટે એની અપેક્ષા રાખીને જાણવાની પર્યાય થાય છે એ વ્યવહાર છે. સમજાય છે કાંઈ!

જાણવાની પર્યાય 'થાય' છે. અનંત ગુણોને, અનંતી પર્યાયને, મોક્ષ, નિર્જરા, કર્મ આદિને તે જ સમયમાં તે જ જ્ઞાનની પર્યાય તેને તે રીતે જાણે એ રીતે જ પોતે (જ્ઞાનની પર્યાય) ઉત્પન્ન થાય છે, એ રીતે પોતે પોતાથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. આહાહા!

એકવાર ઈન્દૌરમાં પંડિતો ભેગા થયા હતા અને અહીંથી વિરુદ્ધ કહ્યું હતું કે પરનો કર્તા ન માને તે સાચો દિગંબર જૈન નથી. અરે બાપુ! આ તું શું કરે છે? કર્તા નહીં પણ ખરેખર તો એનો જ્ઞાતા પણ નહીં!

જાણનાર જાણનારને જાણતાં જાણનારની પર્યાય સત્ ઉત્પન્ન થાય છે; પણ અહીં એટલો વ્યવહાર સિદ્ધ કરવો છે કે મોક્ષ અને નિર્જરાને જાણે છે. જાણવાની પર્યાય અને બંધ-નિર્જરા મોક્ષની પર્યાય એ ભિન્ન છે. અનંતા ગુણની અનંતી પર્યાય અક્રમે એક સાથે થાય છે. નિર્જરા અને મોક્ષની પર્યાય પણ તે જ સમયે 'થાય' છે. તેને જાણે છે તેમ કહેવામાં આવે છે.

શ્રોતા :—જાણવાનું તો કરવું પડશે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જાણવાનું કરવું એ પણ નથી. એ જાણવાની પર્યાય પણ તે કાળે સત્ તરીકે છે તે થાય છે.

આખી દુનિયા માને છે કે આ અમે ધંધો કર્યો, દુકાન ચલાવી, છોકરાવને પાળી-પોષીને મોટા કર્યા–એ બધો ગપ છે એમ અહીં કહે છે. જ્ઞાન–આત્મા એ પરના રજકણને કે પરના સ્કંધને પલટાવે–બદલાવે એમ છે નહીં. આત્મા રોટલી કરી શકે, લાડવો વાળી શકે એ તો છે જ નહીં. તે સમયે તે સત્ છે તે થાય છે એમ સિદ્ધ કરવું છે. સત્ છે એને તારા હેતુની શી જરૂર છે?

એક ઈન્દ્રિયાદિ જીવોની દયા પાળો, હિંસા ન કરો–એ બધા વ્યવહારના વચનો છે. તે વખતે હિંસા થવાની નથી તેને જ્ઞાન જાણે છે. 'તે વખતે હિંસા થવાની નથી' એ અપેક્ષા રાખીને જ્ઞાન ઉત્પન્ન થયું છે એમ પણ નથી. અનંતી પર્યાય એક સમયે ઉત્પન્ન

થાય છે તેમાં એક પર્યાયને બીજી પર્યાયની પણ અપેક્ષા નથી. આહાહા! આવું એનું સત્ સ્વરૂપ છે.

વાણી તો વાણીને કારણે આવે છે, પણ જિનેન્દ્ર ભગવાન વાણીના નિમિત્ત છે એટલે કહેવામાં આવે છે 'જિનેશ્વરદેવ કહે છે....' વાણી છે તે તે સમયની તેની પર્યાયની લાયકાત છે તે વાણી આવે છે; ભગવાન છે એટલે વાણી આવે છે એમ પણ નહીં.

પરમાર્થે જીવ નિર્જરા અને મોક્ષપણે પણ ઉપજતો નથી અને બંધ-મોક્ષને કરતો પણ નથી. જે સ્વભાવ છે તેના તરફ જ્યાં જાણવાનું લક્ષ થયું ત્યાં બધું છૂટી ગયું, પછી જે છે તે બધાને જાણે. સાધક વખતે નિર્જરાને જાણે અને સાધ્ય વખતે મોક્ષને જાણે. તે જાણવાની પર્યાય પણ તેવી જ પોતે તે કાળે તે પ્રકારની પોતાથી ઉપજે છે. આહાહા!

જાણવાની પર્યાય બંધને, મોક્ષને, નિર્જરાને જાણે જ છે પણ કરતો નથી. એ જાણે છે એ પર્યાય પણ જ્ઞાનની તે કાળે તે જ પ્રકારે પોતાનો ઉત્પન્ન થવાનો કાળ હતો તે થઈ છે. આકરું કામ છે જરા!

પ્રવચનસાર ૧૦૧ ગાથામાં કહ્યું છે કે જે પર્યાય ઉપજે છે તેને ધ્રુવની અપેક્ષા નથી. જાણવામાં પણ જેવું જ્ઞેય આવ્યું તેવું જાણવાનું જ્ઞેયની અપેક્ષાએ થયું એમ નથી, જાણવાની પર્યાયમાં જે સામે આવ્યું તેને અહીં જાણે છે માટે તે જ્ઞેયની અપેક્ષાએ જ્ઞાનની ઉત્પત્તિ થઈ એમ નથી.

પર્યાય એમ જાણે છે કે સકલ નિરાવરણ, અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર, શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ, નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું પર તો નહીં, રાગ પણ નહીં અને પર્યાય પણ નહીં. પર્યાય તે 'હું પર્યાય છું' એમ નથી માનતી. આહાહા!

જ્ઞાનની પર્યાયમાં અનંતી પર્યાય અને દ્રવ્ય-ગુણ જણાય છે, તે જાણવાની પર્યાય તેને પણ હું ઉત્પન્ન કરું છું એમ નથી; તે જાણવાની પર્યાય પણ તે કાળે છે તેને પણ હું જાણું છું. બંધ, ઉદય, નિર્જરા અને મોક્ષને કેવળ જાણું જ છું. નિર્જરા પણ કરતો નથી અને મોક્ષ પણ કરતો નથી. ગજબ વાત છે!

* * *

# જાણનાર જ જણાય છે! ખરેખર પર જણાતું જ નથી!!

(શ્રી સમયસાર શ્લોક–૨૭૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી સાર)

આ, શ્રી સમયસાર શાસ્ત્ર છે. તેમાં ૨૭૧મો શ્લોક ચાલે છે.

'જ્ઞાનમાત્ર ભાવ જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે.' આ આત્મા જે જાણવાનું કાર્ય કરે છે તે પરજ્ઞેય છે માટે જાણે છે એમ નથી અને પરજ્ઞેયને જાણે છે માટે જ્ઞાન છે એમ પણ નથી. જાણવાની પર્યાયમાં જે છ દ્રવ્ય જણાયા તે છ દ્રવ્યનું જ્ઞાન પોતાના જ્ઞાનની પર્યાયરૂપે થયું છે. છ દ્રવ્યના આકારે ભલે કહેવાય પણ ખરેખર એ છે તો બધી જ્ઞાનની જ પર્યાય.

છ દ્રવ્ય જણાય છે એમ નહીં પણ છ દ્રવ્ય સંબંધી પોતાના જ્ઞાનની પર્યાય જ જણાય છે. એ જ્ઞાન પોતે જ જ્ઞેય છે, પોતે જ જ્ઞાન છે અને પોતે જ તેનો જ્ઞાન દ્વારા જાણનારો જ્ઞાતા છે. થોડી સૂક્ષ્મ વાતો છે! ધર્મી જીવને જ્ઞાન જુદું છે, તેનું જ્ઞેય જુદું છે અને તેનો જ્ઞાતા જુદો એમ ભાસતું નથી. એ જ્ઞાન પરને જાણે માટે જ્ઞેયસ્વરૂપ છે એમ નથી. જાણનક્રિયા એ પોતે જ પોતાનું જ્ઞેય છે. આહાહા!

'બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદાં છે.' જાણવાની અવસ્થામાં બાહ્ય જ્ઞેયો, જેવું એનું સ્વરૂપ છે તેવી, અહીં જ્ઞાનમાં જાણવાની પર્યાય થાય છતાં એ જાણવાની પર્યાયથી જણાવા યોગ્ય પદાર્થો તદ્દન જુદાં છે. જ્ઞાનમાં શરીર, વાણી, મન–એ જ્ઞેયો જણાય છે? તો કહે ના, એ તો જ્ઞાનની પર્યાય જણાય છે. જ્ઞાનની પર્યાય તે જ્ઞેયરૂપ છે. જેમ તેનું જ્ઞાનરૂપે જ્ઞાનની જાણનક્રિયાનું પરિણમન થાય છે, એ જ્ઞાનની ક્રિયા જ પોતે પોતાને જાણે છે. પોતે જ અભેદ વસ્તુ છે.

જાણવામાં આવતા જે આ શરીર, વાણી, ધર્માસ્તિ આદિ બાહ્ય પદાર્થ ખરેખર તે જાણવામાં આવતા નથી; એ સંબંધીનું જ્ઞાનનું પોતાપણે પરિણમન થયું છે, તે પોતે પોતાની જ્ઞાનની પર્યાયને જાણે અને પોતે જ્ઞેય છે. પરજ્ઞેય તો જુદાં રહી ગયા. આ લાદી જણાતી નથી; એ જે લાદી છે તે પર છે, એને જાણવાની પર્યાય થઈ તે લાદીને લઈને નથી થઈ અને લાદી જાણાતી નથી પણ જ્ઞાનની પર્યાય જ જણાય છે.

જેમ, અરિસામાં સામે કેરી આદિ જણાય તે અરિસાની અવસ્થા તેના રૂપે થઈ નથી; એ તો અરિસાની અવસ્થા સ્વચ્છતારૂપે થઈ છે, તે પોતાની અવસ્થા છે. અરિસામાં જે બહારની ચીજ દેખાય તે ચીજ અરિસામાં નથી, એ ચીજ તો અરિસાની બહાર ભિન્ન છે. એમ, જ્ઞાન એ ચૈતન્ય અરિસો છે. તેની વર્તમાન અવસ્થામાં જે જ્ઞેયો છે તેને જાણવારૂપે પરિણમે તે પર્યાય પોતાની છે, તેને જ્ઞાન જાણે છે. બહારની ચીજ તો પર છે, તેને જ્ઞાન જાણતું નથી. સમજાણું કાંઈ?

આ શેર-બજારમાં ચડતી-પડતી થાય એ બધા જ્ઞેયો એ જ્ઞાનની પર્યાયથી જુદી ચીજ છે. એ જ્ઞેયોને જાણવાપણે જે જ્ઞાનની પર્યાય પરિણમે છે તે પોતાની જ્ઞાનની પર્યાય છે તેને જ્ઞાન જાણે છે, પર જ્ઞેયોને નહીં. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. તારા જ્ઞાનની પર્યાય જે પરિણમનરૂપે થઈ એ જ્ઞેયો છે માટે થઈ એમ નથી અને ખરેખર એ જ્ઞેયને જાણવાની પર્યાય એ જ્ઞેયની છે એમ નથી કેમ કે જ્ઞેય તો જ્ઞાનની પર્યાયથી જુદાં રહી ગયા છે, બાપુ! તારો જ્ઞાન પર્યાયનો ધર્મ તારાથી થયો એ તને જાણે છે, પરવસ્તુને નહીં.

આ રાગને જ્ઞાન જાણો છે ને? ના. એ રાગ સંબંધીનું પરિણામેલું જ્ઞાન પોતાના જ્ઞાનપણે પરિણમેલી પર્યાય–કલ્લોલ જે છે તેને જ્ઞાન જાણે છે. પરમાં કરવાનું તો રહ્યું નહીં, પરથી મારામાં થવાનું પણ રહ્યું નહીં પણ અહીં તો પરને જોવાનું-જાણવાનું પણ રહ્યું નથી! આહાહા!

આત્મા ભગવાન સચ્ચિદાનંદ જ્ઞાનમૂર્તિ એ પરનું કાંઈ કરે–રાગ કરે એ તો એનામાં છે જ નહીં, પણ પરને જાણે છે એવું દ્રવ્ય એનામાં–આત્મામાં નથી. ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યજ્યોત પરમાં કાંઈ કરે એ વાત તો અહીં છે જ નહીં પણ પરને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે, કારણ કે જે પર છે તે સંબંધી જ્ઞાનની પર્યાય પોતાની પોતાના જ્ઞાનકલ્લોલ પણે પરિણમી છે તેને જ્ઞાન જાણે છે, બહુ ઝીણું છે!

જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયના કલ્લોલ-તરંગો નથી, એ તો પોતાના જ્ઞાનના કલ્લોલ છે. 'આ છ દ્રવ્ય છે'–એમ જે જ્ઞાન પરિણમ્યું તે જ્ઞાનની પરિણતી છે કે પરની છ દ્રવ્યની પરિણતી છે? ના, જ્ઞાનની પરિણતી છે. પોતાના હોવાપણામાં જ્ઞાનની પરિણતિ થઈ છે. પોતાના હોવાપણામાં એ જ્ઞેયની પરિણતી થઈ નથી. અહીં તો કહે છે કે જ્ઞાનમાં જે છ દ્રવ્યપણે જાણવાની પર્યાય થઈ તે પરજ્ઞેયને લઈને થઈ નથી અને પરજ્ઞેય જણાતા પણ નથી. એ જ્ઞાનની પર્યાય પોતે જ છ દ્રવ્યપણે જાણવાની પર્યાયરૂપે પરિણમી છે તેને જ્ઞાન જાણે છે. આ છ દ્રવ્ય તો પરવસ્તુ છે, તેને જાણવાનું તો ક્યાં રહ્યું!

ધર્મી એમ માને છે કે જે આ મારી જ્ઞાનની પર્યાય થઈ છે તેને હું જાણું છું, પરને જાણું છું કે પરને કરું છું એમ નથી. પર છે તેને જાણવાપણે પોતાની સ્વચ્છ અવસ્થા પોતાપણે થાય છે, એ પોતાના અસ્તિત્વમાં પોતાને જ્ઞેય તરીકે જાણે છે. પોતાનાં અસ્તિત્વમાં એ બહારના જ્ઞેય આવ્યા નથી. પોતાના અસ્તિત્વમાં જ્યારે પરજ્ઞેય આવ્યા નથી તો પરને જાણે છે એમ ક્યાંથી આવ્યું! પોતાના હોવાપણામાં પોતાની જાણવાની પર્યાય જાણી તેમાં જ્ઞેયો આવ્યા નથી. એ જ્ઞેયો જ્ઞાનની પર્યાયમાં આવ્યા છે એમ જે માને છે તે જ્ઞેયની અવસ્થા સ્વચ્છપણે સ્વના અસ્તિત્વથી પરિણમે છે એમ માનતા નથી.

જ્ઞાનની પર્યાયમાં પરજ્ઞેય આવે છે તેમ માનનારા 'સ્વચ્છતાની આવડી મોટી નિર્મળ પર્યાય છે તેટલો જ હું અને તેને જાણનાર છું' એમ માનનાર નથી; અને 'પરના અસ્તિત્વને લઈને મારા જાણવામાં આવ્યું' એમ માને છે તેને સ્વના અસ્તિત્વની મહત્તાની ખબર નથી.

ભગવાન કહે છે કે તારી જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્ય જણાય છે એમ કહેવું એ તો વ્યવહાર છે. કારણ કે છ દ્રવ્ય જણાતા નથી પણ છ દ્રવ્યરૂપે અહીં જે પરિણમન થયું એ તો પોતાના જ્ઞાનના કલ્લોલનું–પર્યાયનું પરિણમન થયું છે, પોતાના અસ્તિત્વમાં જ્ઞાનની પર્યાયનું પરિણમન થયું છે; છ દ્રવ્યનું પરિણમન અહીં આવ્યું નથી. તારા જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ આવડું મોટું છે–એમ કહે છે. બહુ ગંભીર વાત છે! છ દ્રવ્યને જાણે એવી જે જ્ઞાનની પર્યાય એ પોતાની પર્યાયને પોતે જાણે છે.

શ્રોતા :—સ્વની પર્યાયને જ જાણે તો આ રાગ-દ્વેષ કેમ થાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—રાગ-દ્વેષ છે જ ક્યાં! રાગ-દ્વેષ છે જ નહીં–એમ કહે છે. પોતાની પર્યાયને જાણે તેમાં રાગ-દ્વેષ કરવાનું રહેતું જ નથી અને રાગ-દ્વેષ છે જ નહીં એમ કહે છે. જુઓ, આ સર્વજ્ઞે કહેલું વીતરાગી તત્ત્વ!

એક સમયની જ્ઞાનની પર્યાય છ દ્રવ્યને જાણવાપણે પરિણમી એ એને જાણવાપણે પરિણમી નથી પણ પોતાની પર્યાય એટલી મોટી છે તેને જ જાણવાપણે પરિણમે છે. 'જ્ઞેયોના આકારની ઝલક....' એ ઝલક એટલે કાંઈ તે પર્યાયમાં ઘુસી જતા નથી. જ્ઞાનનો પર્યાય જ સાકાર એવો થાય છે કે જેવી પર ચીજ છે એ પણે પરિણમવાની પોતાની પર્યાયનું અસ્તિત્વ પોતાના સ્વભાવથી પોતાના અસ્તિત્વમાં પોતાને કારણે થાય છે.

'જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતાં જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે.' એ જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે પણ એમ છે નહીં, પરંતુ એ જ્ઞાનના કલ્લોલો છે. કેટલી સૂક્ષ્મતા

ને કેટલી વાસ્તવિકતા! અસ્તિત્વની કેટલી મહત્તા! આહાહા!

આત્મા જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યને જાણવાપણે પરિણમે છે એ પોતે જ છે એ પોતે જ જ્ઞેય છે. પરજ્ઞેય સંબંધીનું જ્ઞાનની પર્યાયના કલ્લોલ પરિણમન મારું મારા અસ્તિત્વમાં મારે લઈને થયું છે એને જાણવું તે જ્ઞાન છે.

રાગ જે વ્યવહાર છે તેને જ્ઞાન જાણતું નથી. એ તો જ્ઞાનની પર્યાય એવી જ જાતની થઈ હતી એને પોતે જ્ઞાન જાણે છે, રાગને નહીં. જ્ઞેયોનાં આકારનો પ્રકાર જ્ઞાનમાં પોતાથી જણાતા જ્ઞેયોના પ્રકારના ભાગ જે છે એવા અહીં જ્ઞાનમાં પોતાથી પોતામાં જણાતા-પરિણમતા એ કલ્લોલ એ જ્ઞાનની જ અવસ્થા છે. એ જ્ઞાન કલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે, એ જ્ઞેયો જ્ઞાન વડે જાણાતા નથી. સમજાણું કાંઈ?

દસ લાખનો બંગલો અને તેમાં બે-પાંચ લાખનું ફર્નિચર હોય તેમાં જ્ઞાનની પર્યાય જણાય છે કે બાહ્ય જ્ઞેય જણાય છે? તારા અસ્તિત્વનું જ્ઞાન છે કે પરના અસ્તિત્વનું જ્ઞાન છે? તે વખતનાં જ્ઞાનનાં પરિણમનમાં તારા અસ્તિત્વનું જ્ઞાન છે. આવડું જ્ઞાન જ હું છું એમ તેને-પોતાની પર્યાયને જ્ઞેય કરીને જાણે છે.

'તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે.' વસ્તુની સ્થિતિની હદ-મર્યાદા આવડી છે. ભગવાન આત્મા પોતે જ પોતાથી જણાવા યોગ્ય હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞેયરૂપ છે. વળી, પોતે જ પોતાનો જાણનારો હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે. આ રીતે, જ્ઞેય પણ પોતે, જ્ઞાન દ્વારા જાણે પણ પોતે અને જ્ઞાતા પણ પોતે. આમ, જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતા એક જ છે. પર જણાય અને આત્મા જાણનારો એમ છે નહીં.

વસ્તુનું હોવાપણું પરને લઈને નથી. એ જ્ઞાનની પર્યાય પોતે જ્ઞેયપણે પરિણમી છે–એ અસ્તિત્વ પોતાને લઈને પોતાનું છે; એને બદલે પરને કારણે પોતાનું અસ્તિત્વ માનવું એ મિથ્યાત્વ છે. આમ, જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય, જ્ઞાતા–એ ત્રણે ભાવોયુક્ત સામાન્ય-વિશેષસ્વરૂપ વસ્તુ છે. આવો જ્ઞાનમાત્રભાવ હું છું એમ અનુભવી જીવ અનુભવે છે.

પોતાની જ્ઞાનપર્યાય એવી પરિણમી છે કે તેને જ જ્ઞેય તરીકે જ્ઞાન જાણે છે, જ્ઞાતા પણ પોતે જ છે. વીતરાગની વાણી પર છે તેને જ્ઞાન જાણે છે કે તેના દ્વારા જ્ઞાન થાય છે એમ નથી. આ જે વ્રતનો વિકલ્પ ઉઠે છે, દેહની ક્રિયા થાય છે એ દ્વારાથી તો નહીં પણ એના અસ્તિત્વને લઈને તારું જ્ઞાન પરિણમે એમ પણ નહીં.

તારું જ્ઞાન તારા કારણે તે ક્ષણે તે પ્રકારનું પરિણમન કરે તેને આત્મા જ્ઞેય તરીકે જાણે છે. સામાન્ય જ્ઞાન તે ધ્રુવ છે અને વિશેષ તે પલટતી પર્યાય છે. આ સામાન્ય જ્ઞાન અને વિશેષ બંને જ્ઞેય છે. આવો જ્ઞાનમાત્ર ભાવ તે હું છું. જ્ઞેય પણ પોતે અને જ્ઞાન પણ પોતે છે. તેમાં પરની સાથે કાંઈ સંબંધ છે જ નહીં.

આમાં તો કર્મ રાગ કરાવે એ રહ્યું નહીં, રાગને લઈને જ્ઞાન છે એમ પણ નહીં અને એ જ્ઞાન રાગને જાણે છે એમ પણ રહ્યું નહીં. ભગવાન આત્મા, કોઈ પણ ક્ષણે ને પળે પોતાના જ્ઞાનની પર્યાયને જ જ્ઞેય કરીને જાણે છે. જો પરનું જાણવું થતું હોય તો જે પરજ્ઞેય છે તે જ્ઞાનમાં આવી જવું જોઈએ પણ એમ થતું નથી; એ તો પરસંબંધીનું જ્ઞાનનું પરિણમન પોતાથી થયું એ પોતાના અસ્તિત્વમાં છે. આહાહા! સમજાણું કાંઈ?

❁ ❁ ❁

(નરકના દુ:ખનું વર્ણન પેજ ૧૭થી ચાલુ)

ઔર વેદનાકે અનુભવમાત્રસે હી સમ્યક્ દર્શનકો ગ્રહણ કરતે હૈં.

જો મદ્યકો પીતે હૈં, માંસકી અભિલાષા કરતે હૈં, જીવોંકા ઘાત કરતે હૈં ઔર મૃગયામેં તૃપ્ત હોતે હૈં વે ક્ષણમાત્રકે સુખકે લિયે પાપ ઉત્પન્ન કરતે હૈં ઔર નરકકે અનન્ત દુ:ખકો પાતે હૈં.

જો જીવ લોભ, ક્રોધ, ભય અથવા મોહકે બલસે અસત્ય વચન બોલતે હૈં વે નિરંતર ભયકો ઉત્પન્ન કરનેવાલે, મહાન્ કષ્ટકારક ઔર અત્યન્ત ભયાનક નરકમેં પડતે હૈં. ભીંતકો છેદકર, પ્રિયજનકો મારકર ઔર પટ્ટાદિકકો ગ્રહણ કરકે ધનકો હરને તથા અન્ય સૈંકડોં અન્યાયોંસે મૂર્ખ લોગ ભયાનક નરકમેં તીવ્ર દુ:ખકો ભોગતે હૈં.

લજ્જાસે રહિત, કામસે ઉન્મત, જવાનીમેં મસ્ત, પરસ્ત્રીમેં આસક્ત ઔર રાત-દિન મૈથુનકા સેવન કરનેવાલે પ્રાણી નરકોંમેં જાકર ઘોર દુ:ખકો પ્રાપ્ત કરતે હૈં. પુત્ર, સ્ત્રી, સ્વજન ઔર મિત્રકે જીવનાર્થ જો લોગ દૂસરોંકો ઠગકર તૃષ્ણાકો બઢાતે હૈં તથા પરકે ધનકો હરતે હૈં વે તીવ્ર દુ:ખકો ઉત્પન્ન કરનેવાલે નરકમેં જાતે હૈં.

*(તિલોયપન્નત્તી, મહા અધિકાર– ૨, શ્લોક : ૩૧૩ થી ૩૬૬)*

# નરકના દુઃખનું વર્ણન

નારકી જીવ પાપસે નરકબિલમેં ઉત્પન્ન હોકર ઔર એક મુહૂર્તમાત્ર કાલમેં છહ પર્યાપ્તિયોંકો પ્રાપ્ત કર આકસ્મિક ભયસે યુક્ત હોતા હૈ. પશ્ચાત્ વહ નારકી જીવ ભયસે કાંપતા હુઆ બડે કષ્ટસે ચલનેકે લિયે પ્રસ્તુત હોકર ઔર છત્તીસ આયુધોંકે મધ્યમેં ગિરકર વહાંસે ઉછલતા હૈ.

પ્રથમ પૃથ્વીમેં જીવ સાત ઉત્સેધ યોજન ઔર છહ હજાર પાંચસૌ ધનુષપ્રમાણ ઉપર ઉછલતા હૈ, ઈસકે આગે શેષ પૃથ્વીયોંમેં ઉછલનેકા પ્રમાણ ક્રમસે ઉત્તરોત્તર દૂના દૂના હૈ. જિસપ્રકાર દુષ્ટ વ્યાઘ્ર મૃગકે બચ્ચેકો દેખકર ઉસકે ઉપર ટૂટ પડતા હૈ, ઉસી પ્રકાર ક્રૂર પુરાને નારકી ઉસ નવીન નારકીકો દેખકર ધમકાતે હુએ ઉસકી ઓર દૌડતે હૈં.

જિસપ્રકાર કુત્તોંકે ઝુંડ એક દૂસરેકો દારુણ દુઃખ દેતે હૈં, ઉસીપ્રકાર નારકી નિત્ય હી પરસ્પર દુસ્સહ પીડાદિક ક્રિયા કરતે હૈં. વે નારકી જીવ ચક્ર, બાણ, શૂલી, તોમર, મુદ્ગર, કરોંત, ભાલા, સુઈ, મુસલ ઔર તલવાર ઈત્યાદિક અસ્ત્ર-શસ્ત્ર; વન એવં પર્વતકી આગ તથા ભેડિયા, વ્યાઘ્ર, તરક્ષ, શ્રુગાલ, કુત્તા, બિલાવ ઔર સિંહ ઈન પશુઓંકે અનુરૂપ પરસ્પરમેં સદૈવ અપને અપને શરીરકી વિક્રિયા કિયા કરતે હૈં.

અન્ય નારકી જીવ ગહરા બિલ, ધુઆં, વાયુ, અત્યંત તપા હુઆ ખપ્પર, યંત્ર, ચૂલ્હા, કણ્ડની (એક પ્રકારકા કૂટનેકા ઉપકરણ), અક્કી ઔર દર્વી(બછી) ઈનકે આકારરૂપ અપને અપને શરીરકી વિક્રિયા કરતે હૈં.

ઉપર્યુક્ત નારકી શૂકર, દાવાનલ તથા શોણિત ઔર કીડોંસે યુક્ત સરિત, દ્રહ, કૂપ ઔર વાપિ આદિરૂપ પૃથક્ પૃથક્ રૂપસે રહિત અપને અપને શરીરકી વિક્રિયા કિયા કરતે હૈં. તાત્પર્ય યહ કિ નારકિયોંકે અપૃથક્ વિક્રિયા હોતી હૈ, દેવોંકે સમાન ઉનકી પૃથક્ વિક્રિયા નહીં હોતી.

વજ્રમય વિકટ મુખવાલે વ્યાઘ્ર ઔર સિંહાદિક, પીછેકો ભાગનેવાલે અન્ય નારકીકો કહીંપર ભી ક્રોધસે ખા ડાલતે હૈં. કોઈ નારકી જીવ વિરસ વિલાપ કરતે હુએ હજારોં યંત્રોંસે પેલે જાતે હૈં. દૂસરે નારકી જીવ વહીંપર હને જાતે હૈં ઔર ઈતર નારકી વિવિધ પ્રકારોંસે છેદે જાતે હૈં.

કોઈ નારકી પરસ્પરમેં એક દૂસરેકે દ્વારા વજ્રતુલ્ય સાંકલોંસે ખઁભોંમેં બાંધે જાતે હૈં ઔર કોઈ અત્યંત જાજ્વલ્યમાન દુષ્પ્રેક્ષ્ય અગ્નિમેં ફેંકે જાતે હૈં. કોઈ નારકી કરોંત કે કાંટોંકે મુખોંસે ફાડે જાતે હૈં ઔર ઈતર નારકી ભયંકર ઔર વિચિત્ર ભાલોંસે વેધે જાતે હૈં.

કિતને હી નારકી જીવ લોહેકી કડાહિયોંમેં સ્થિત તપે હુએ તેલમેં ફેંકે જાતે હૈં ઔર કિતને કી જલતી હુઈ જ્વાલાઓંસે ઉત્કટ અગ્નિમેં પકાયે જાતે હૈં. કોયલે ઔર ઉપલોંકી આગમેં જલ રહા હૈં મહાન્ શરીર જિનકા ઐસે વે નારકી જીવ શીતલ જલ સમઝ દૌડકર વૈતરણી નદીમેં પ્રવેશ કરતે હૈં.

ઉસ વૈતરણી નદીમેં કર્તરી(કૈંચી) કે સમાન તીક્ષ્ણ જલકે આકાર પરિણત હુએ દૂસરે નારકી ઉન નારકીયોંકે શરીરોંકો દુસ્સહ અનેક પ્રકારકી પીડાઓંકો પહુંચાતે હુએ છેદતે હૈં. વૈતરણી નદીકે જલમેં નારકી કછુઆ, મેંઢક ઔર મગરપ્રભૃતિ જલચર જીવોંકે વિવિધ રૂપોંકો ધારણ કર એક દૂસરેકા ભક્ષણ કરતે હૈં.

પશ્ચાત્ વે નારકી વિસ્તીર્ણ શિલાઓંકે બીચમેં બિલોંકો દેખકર ઝટપટ ઉનમેં પ્રવેશ કરતે હૈં, પરન્તુ વહાંપર ભી સહસા વિશાલ જ્વાલાઓંવાલી મહાન્ અગ્નિ ઉઠતી હૈં. પુનઃ જિનકે સમ્પૂર્ણ અંગ તીક્ષ્ણ અગ્નિકી જ્વાલાઓંકે સમૂહસે જલ રહે હૈં ઐસે વે હી નારકી શીતલ છાયા જાનકર અસિપત્ર વનમેં પ્રવેશ કરતે હૈં.

વહાંપર ભી વિવિધ પ્રકારકે વૃક્ષોંકે ગુચ્છે, પત્ર ઔર ફલોંકે પુંજ પવનસે તાડિત હોકર ઉન નારકિયોંકે ઉપર દુષ્પ્રેક્ષ્ય(અદર્શનીય) વજ્રદંડકે સમાન ગિરતે હૈં. ઈસકે અતિરિક્ત ઉસ અસિપત્રવનસે ચક્ર, બાણ, કનક(શલાકાકાર જ્યોતિઃપિંડ), તોમર (બાણવિશેષ), મુદ્ગર, તલવાર, ભાલા, મૂસલ તથા ઔર ભી અસ્ત્ર-શસ્ત્ર ઉન નારકિયોંકે સિરપર ગિરતે હૈં.

અનન્તર, જિંનકે શિર છિદ ગયે હૈં, હાથ ખંડિત હો ગયે હૈં, નેત્ર વ્યથિત હૈં, આંતોંકે સમૂહ લંબાયમાન હૈં ઔર શરીર ખૂનસે લાલ તથા ભયાનક હૈં ઐસે વે નારકી અશરણ હોકર ઉસ વનકો ભી છોડ દેતે હૈં. ગૃદ્ધ, ગરુડ, કાક તથા ઔર ભી વજ્રમય મુખવાલે વ તીક્ષ્ણ દાંતોંવાલે પક્ષી નારકિયોંકે શરીરકો કાટકર ઉન્હેં ખાતે હૈં. અન્ય નારકી ઉન નારકીયોંકે અંગ ઔર ઉપાંગોંકી હડ્ડિયોંકા પ્રચંડ ઘાતોંસે ચૂર્ણ કરકે ઉત્પન્ન હુએ વિસ્તૃત ઘાવોંમેં બહુત પદાર્થોંકો ડાલતે હૈં.

ઘાવોંમેં ક્ષાર દ્રવ્યોંકે ડ઼ાલનેસે યદ્યપિ વે નારકી કરુણાપૂર્વક વિલાપ કરતે હૈં ઔર ચરણયુગલમેં લગતે હૈં તથાપિ અન્ય નારકિ ઉસ પ્રકાર ખિન્ન અવસ્થામેં હી ઉન્હેં ખંડ ખંડ કરકે ચૂલ્હેંમેં ડાલતે હૈં.

ઈતર નારકિ પરસ્ત્રીમેં આસક્ત રહનેવાલે જીવોંકે શરીરમેં અતિશય તપી હુઈ લોહમય યુવતી સ્ત્રીકી મૂર્તિકો દૃઢતાસે લગાતે હૈં ઔર ઉન્હેં જલતી હુઈ આગમેં ફેંકતે હૈં.

જો પૂર્વભવમેં માંસભક્ષણકે પ્રેમી થે ઉનકે શરીરકે માંસકો કાટકર અન્ય નારકી રક્તસે ભીગે હુએ ઉન્હીંકે અંગકે માંસખંડકો ઉનકે હી મુખમેં ડાલતે હૈં. મધુ ઓર મદ્યકા સેવન કરનેવાલે પ્રાણીઓંકે મુખમેં અન્ય નારકી અત્યંત તપે હુએ દ્રવિત લોહેકો ડાલતે હૈં જિસસે ઉનકે અવયવસમૂહભી પીઘલ જાતે હૈં.

જિસપ્રકાર તલવારકે પ્રહારસે ભિન્ન હુઆ કુએંકા જલ ફિરસે મિલ જાતા હૈ ઈસીપ્રકાર અનેકાનેક શસ્ત્રોંસે છેદા ગયા નારકીયોંકા શરીરભી ફિરસે મિલ જાતા હૈ. તાત્પર્ય યહ કી અનેકાનેક શસ્ત્રોંસે છેદનેપર ભી નારકીયોંકા અકાલ-મરણ કભી નહીં હોતા.

નરકોં મેં કચ્છુરિ(કપિકચ્છુ, કેવોંચ), કરોંત, સુઈ ઔર ખૈરકી આગ ઈત્યાદિ વિવિધ પ્રકારોંસે નારકિ પરસ્પરમેં એકદૂસરેકો યાતનાયેં દિયા કરતે હૈં.

ધર્મા પૃથ્વીકે નારકી અત્યંત તીખી ઔર કડવી કત્થરિકી શક્તિસે અનન્તગુણી તીખી ઔર કડવી થોડીસી મીટ્ટીકો ચિરકાલમેં ખાતે હૈં.

નરકોંમેં બકરી, હાથી, ભેંસ, ઘોડા, ગધા, ઉંટ, બિલ્લી ઔર મૈંઢે આદિકે સડે હુએ શરીરોંકી ગંધસે અનન્તગુણી દુર્ગન્ધવાલા આહાર હોતા હૈ. રત્નપ્રભાસે લેકર અન્તિમ પૃથ્વીપર્યંત અત્યંત સડા, અશુભ ઔર ઉત્તરોત્તર અસંખ્યાતગુણા ગ્લાનિકર અન્ન આહાર હોતા હૈ.

ધર્મા પૃથ્વીમેં જો આહાર હૈ ઉસકી ગંધસે યહાંપર એક કોસકે ભીતર સ્થિત જીવ મર સકતે હૈં. ઈસકે આગે શેષ દ્વિતીયાદિક પૃથ્વીયોંમેં ઈસકી ઘાતક શક્તિ આધા-આધા કોસ ઔર ભી બઢતી ગઈ હૈ.

પૂર્વમેં દેવાયુકા બંધ કરનેવાલે કોઈ નર યા તિર્યંચ અનંતાનુબંધીમેંસે કિસી એકકા ઉદય આજાનેસે રત્નત્રયકો નષ્ટ કરકે અસુરકુમાર જાતિકે દેવ હોતે હૈં.

સિક્તાનન, અસિપત્ર, મહાબલ, મહાકાલ, શ્યામ ઔર શબલ, ઈન્દ્ર, અંબરીષ,

વિલસિત, મહારુદ્ર, મહાખર, કાલ, અગ્નિરુદ્ર, કુમ્ભ ઔર વૈતરણી આદિક અસુરકુમાર જાતિકે દેવ તીસરી બાલુકાપ્રભા પૃથ્વીતક જાકર નારકિયોંકો ક્રોધિત કરાતે હૈં.

ઇસ ક્ષેત્રમેં જિસ પ્રકાર મનુષ્ય મેંઢે ઔર ભૈંસે આદિકે યુદ્ધકો દેખતે હૈં, ઉસીપ્રકાર નરકમેં અસુરકુમાર જાતિકે દેવ નારકિયોંકે યુદ્ધકો દેખતે હૈં ઔર મનમેં સંતુષ્ટ હોતે હૈં.

રત્નપ્રભાદિક પૃથ્વીયોંમેં નારકી જીવ જબતક ક્રમશઃ એક, તીન, સાત, દશ, સત્તરહ, બાઈસ ઔર તેતીસ સાગરોપમ પૂર્ણ હોતે હૈં તબતક બહુત ભારી દુઃખકો પ્રાપ્ત કરતે હૈં. નરકમેં પચનેવાલે નારકિયોંકો ક્ષણમાત્રકે લિયે ભી સુખ નહીં હૈ, કિન્તુ ઉન્હેં સદૈવ દારુણ દુઃખોંકા અનુભવ હોતા રહતા હૈ.

નારકિયોંકે શરીર કદલિઘાત(અકાલમરણ) કે બિના આયુકે અન્તમેં વાયુસે તાડિત મેઘોંકે સમાન નિઃશેષ વિલીન હો જાતે હૈં. ઇસપ્રકાર પૂર્વમેં કિયે ગયે દોષોંસે જીવ નરકોંમેં નાના પ્રકારકે દુઃખકો પ્રાપ્ત કરતે હૈં. ઉસ દુઃખકે સમ્પૂર્ણ સ્વરૂપકા વર્ણન કરનેકે લિયે ભલા કૌન સમર્થ હૈ?

સમ્યક્ત્વરૂપી રત્નપર્વત કે શિખર સે મિથ્યાત્વભાવરૂપી પૃથ્વી પર પતિત હુઆ પ્રાણી નરકાદિક પર્યાયોંમેં અત્યંત દુઃખકો પ્રાપ્ત કર નિગોદમેં પ્રવેશ કરતા હૈ. સમ્યક્ત્વ ઔર દેશ ચારિત્રકો પ્રાપ્ત કર યહ જીવ વિષયસુખકે નિમિત્ત ઉસસે (સમ્યક્ત્વ ઔર ચારિત્રસે) ચલાયમાન હો જાતા હૈ ઔર ઇસીલિયે વહ નરકોંમેં અત્યંત દુઃખોંકો ભોગકર નિગોદમેં પ્રવિષ્ટ હોતા હૈં.

કભી સમ્યક્ત્વ ઔર સકલ સંયમકો ભી પ્રાપ્તકર વિષયોંકે કારણ ઉનસે ચલાયમાન હોતા હુઆ નરકોંમેં અત્યન્ત દુઃખકો પાકર નિગોદમેં પ્રવેશ કરતા હૈ. જિસકા ચિત્ત સમ્યક્ દર્શનસે વિમુખ હૈ તથા જો જ્યોતિષ ઔર મંત્રાદિકોંસે આજીવિકા કરતા હૈં ઐસા જીવ નરકાદિ મેં બહુત દુઃખકો પાકર નિગોદમેં પ્રવેશ કરતા હૈ.

ધર્મા આદિ તીન પૃથ્વીયોંમેં મિથ્યાત્વભાવ સે સંયુક્ત નારકિયોંમેંસે કોઈ કોઈ જાતિસ્મરણસે, કોઈ દુર્વાર વેદનાસે વ્યથિત હોકર ઔર કોઈ ધર્મસે સંબંધ રખનેવાલી કથાઓંકો દેવોંસે સુનકર અનન્ત ભવોંકે ચૂર્ણ કરનેમેં નિમિત્તભૂત ઐસે સમ્યગ્દર્શનકો ગ્રહણ કરતે હૈં.

પંકપ્રભાદિક શેષ ચાર પૃથ્વીયોંકે નારકી જીવ દેવકૃત પ્રબોધકે બિના જાતિસ્મરણ

(અનુસંધાન પેજ ૧૩ પર)

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

(હિસાબી-અહેવાલ તા. ૧-૪-૨૦૦૫ થી તા. ૩૧-૩-૨૦૦૬ તથા નિવેદન)

શ્રી કહાનગુરુ-ભક્ત મુમુક્ષુસમાજ,

સવિનય નિવેદન કે આપણા તારણહાર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સોનગઢ (સુવર્ણપુરી)માં અધ્યાત્મધર્મનો લાભ લેવા માટે ઘણા મુમુક્ષુઓ કાયમી વસવાટ કરે છે તથા બહારગામથી અવારનવાર ઘણા મુમુક્ષુઓ પધારે છે. આ તીર્થધામનો વહીવટ આપ સૌના સહયોગથી આપણું ઉપરોક્ત ટ્રસ્ટ (સંસ્થા) કરી રહેલ છે. દર વર્ષની માફક, આ સાથે તા. ૧-૪-૨૦૦૫ થી ૩૧-૩-૨૦૦૬નાં વર્ષનાં ઓડીટ થયેલ સરવૈયાં, આવક-જાવકના હિસાબો સહિત રજુ કરીએ છીએ, જે ઉપરથી આપને આ ટ્રસ્ટના વહીવટ સંબંધી, આવક-ખર્ચની તથા અન્ય જાણકારી મળી શકશે, અને જેથી આપને સંતોષ થશે એવી આશા રાખીએ છીએ.

(૧) આ વર્ષ દરમ્યાન બધા મહોત્સવો ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યા છે. બહારગામથી યાત્રીઓ અને મુમુક્ષુઓ સારી સંખ્યામાં અવારનવાર આવે છે. દરેકને સારી સગવડ આપવાની કાળજી લેવામાં આવે છે. શ્રી જન્મજયંતી-મહોત્સવનો ખર્ચ જેમના તરફથી જન્મજયંતી ઉજવાય છે તેમના તરફથી આપવામાં આવે છે.

(૨) આ સાથેનો સંસ્થાનો હિસાબ જોતાં આવક-ખર્ચનો ખ્યાલ આવશે. તા. ૧-૪-૨૦૦૫ થી ૩૧-૩-૨૦૦૬ના વર્ષ દરમ્યાન કુલ આવક રૂા. ૬૧,૦૫,૭૩૨ છે અને કુલ ખર્ચ રૂા. ૪૨,૧૬,૧૨૯ છે. વરસ આખરે વધારો રૂા. ૧૮,૮૯,૫૯૪ છે.

(૩) સરવૈયા મુજબ વરસ આખરે ધ્રુવફંડ **(Corpus)** ખાતે રૂા. ૨,૯૭,૯૮,૧૮૮ છે. આ રકમમાં વર્ષ દરમ્યાન રૂા. ૨૧,૧૮,૬૮૪ વધારો થયેલ છે. આ ધ્રુવફંડનું વ્યાજ વાપરવાનું છે. ધ્રુવફંડ પૂરતી રકમનું રોકાણ રાખવું જોઈએ. તે બાબત કાળજી લેવામાં આવે છે.

(૪) પૂ. બહેનશ્રીની ૯૩મી જન્મ-જયંતી પ્રસંગે ખાસ તીર્થોની રચના કરવામાં આવી હતી તે અદ્ભૂત હતી. પૂજા વગેરેનો કાર્યક્રમ બહાર રાખવામાં આવેલ હતો તથા પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૭મી જન્મજયંતી પ્રસંગે સમોસરણની રચના કરવામાં આવી હતી. પૂજા વગેરેનો કાર્યક્રમ બહાર રાખવામાં આવેલ. આ અદ્ભૂત રચનાથી બધા પ્રભાવિત થયા હતા.

(૫) આપણા ટ્રસ્ટ અંતર્ગત, 'શ્રી કહાનસૂર્ય દિ. જૈન ભોજનસમિતિ' ભોજનાલય ચાલી રહેલ છે. તેમાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી કાયમી જમણ જે તે દિવસનાં વર્ષ દરમ્યાન નક્કી થયેલ છે તે દિવસનો જમણનો કુલ ખર્ચ સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ ભોજનાલયને આપે છે. ટ્રસ્ટમાં કાયમી જમણ અગાઉ નાની રકમ લઈને નોંધાયા હોવાથી તે રકમનાં વ્યાજમાંથી જમણ કરવાનું

મુશ્કેલ હોવાથી સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તે ખર્ચનો બોજો અત્યારે લે છે. વળી ગેસ્ટ હાઉસ ભાડા આવક, નિ:શુલ્ક ભોજન વ્યવસ્થા ખર્ચને પહોંચી વળવા મળેલ મોટી રકમનું દાન ધ્રુવફંડ, ભોજનાલય ફોટાઓનું ધ્રુવફંડ, ભોજનાલય કાયમી ભોજનતિથિનું ધ્રુવફંડ વગેરે ધ્રુવફંડનાં વ્યાજની રકમ તથા બીજી નાની મોટી આવક થવાથી તૂટને બદલે વધારો રહે છે પરન્તુ હવે વ્યાજનાં દરમાં ઘટાડો થવાથી તે બાબત પણ વિચારણા માંગી લે છે. કાયમી જમણ જે તે દિવસનાં નક્કી થયેલ છે તે દિવસનાં જમણમાં બીજા દાતારનાં નામ ઉમેરવા જેથી તે દિવસમાં જમણનાં ખર્ચમાં ટ્રસ્ટને રાહત રહે. એકાદ બે કાયમી જમણમાં બીજા દાતાર મળેલ છે. આ રીતે દાતાર મળે તો જમણ આપી શકાય નહીંતર તે બાબત વિચારવા જેવી છે. દાતાર કાયમી જમણમાં રકમ વધારી આપે અથવા ત્રણ વર્ષે તે જમણ આપવામાં આવે. તે મુજબ નિર્ણય લેવામાં આવેલ છે.

(૬) પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની તપોભૂમિ અધ્યાત્મ તીર્થધામ સોનગઢનો લાભ લેવા આવનાર યાત્રીઓ-મહેમાનો માટે શ્રીમતી કળાબેન હસમુખલાલ વોરા દિ. જૈન અતિથિ ભવન નિર્માણ થયેલ છે. ફરીથી તેવા જ પ્રકારનાં ચાર બિલ્ડીંગ બનાવવાનું નક્કી કર્યું છે. ચાર વીંગમાં પ્રત્યેક વીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર, સેકન્ડ ફ્લોર, થર્ડ ફ્લોર, ફોર્થ ફ્લોર બનશે. ચાર બિલ્ડીંગમાં કુલ ૧૬૮ રૂમનું આયોજન છે. પ્રત્યેક બિલ્ડીંગ માટે એકવીશ લાખ આપનાર દાતારનું નામ તે બિલ્ડીંગ માટે રહેશે જે ચાર બિલ્ડીંગનાં દાતાર નક્કી થયા છે. આવા દાતારોને ચાર રૂમો મહોત્સવ દરમ્યાન આપવામાં આવશે તથા એક દાતાર તરફથી રૂપિયા એકવીશ લાખ પણ જાહેર થયેલ છે.

પ્રત્યેક બિલ્ડીંગમાં લીફ્ટની વ્યવસ્થા છે. પ્રત્યેક બિલ્ડીંગમાં ચાર લાખ આપનાર દાતારનું નામ તથા ઉત્સવો દરમ્યાન એક રૂમ ઉતારા માટે આપવામાં આવશે. બે લીફ્ટના નામ પણ આવી ગયેલ છે.

પ્રત્યેક ફ્લોર માટે જે દાતા તરફથી રૂા. અઢી લાખ ડોનેશન માટે મળશે તે ફ્લોરનું તે દાતાનાં નામથી નામકરણ કરવામાં આવશે. ઉપરોક્ત નામો અગાઉ આત્મધર્મમાં આપેલ છે. રૂમો માટે રૂા. ૭૫૦૦૦/– રાખવામાં આવેલ છે.

(૭) અધ્યાત્મ તીર્થ સોનગઢથી પ્રકાશિત 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી માટે ખર્ચને પહોંચી વળવા માટે યોજના અગાઉ જાહેર કરેલ છે. તે પ્રમાણે આજીવન એક માસનું આત્મધર્મ પ્રકાશન માટે ગુજરાતીનાં રૂા. એક લાખ પચ્ચીસ હજાર નક્કી કરેલ છે. તેમજ આજીવન એક મહિનાનાં આત્મધર્મ હિન્દી પ્રકાશન માટે એક લાખ નક્કી કરેલ છે. સ્પોન્સર તરીકે તે દાતારનું નામ તે મહિનાનાં અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

તેવી જ રીતે એક માસનું આત્મધર્મ ગુજરાતી પ્રકાશન માટે રૂા. દસ હજાર નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ સ્પોન્સર તરીકે તે મહિનાનાં અંકમાં પ્રકાશિત થશે. એક માસનું હિન્દી આત્મધર્મ પ્રકાશિત કરવાનાં રૂા. સાત હજાર પાંચસો નક્કી કરવામાં આવેલ છે. તે અંક પુરતું તે નામ અંકમાં સ્પોન્સર તરીકે દાતારનું નામ પ્રકાશિત કરવામાં આવશે. આ યોજનાને ઠીક પ્રતિસાદ મળેલ છે.

(૮) સુવર્ણપુરીમાં નિર્મિત ભવ્ય વિશાળ જિનાયતનો વગેરે સાતીશય તીર્થરૂપે સદૈવ પ્રકાશમાન

રહે—તેવી ભાવના ને અનુમોદિત કરવા માટે એક 'સ્થાયી જીર્ણોદ્ધાર' ફંડ કરેલ છે. સ્વાધ્યાય મંદિર, સીમંધરસ્વામી જિનમંદિર, સમવસરણ, કુંદકુંદ પ્રવચન મંડપ, માનસ્તંભ, પરમાગમ મંદિર, પંચમેરુ-નંદીશ્વર જિનાલય, કહાનગુરુ સમાધિમંદિર, બેનશ્રી સમાધિ સ્મૃતિ વગેરેમાં જીર્ણોદ્ધાર માટે એક ચોરસ ફૂટનાં એક હજાર નક્કી કરેલ છે. જે અંતર્ગત જીર્ણોદ્ધાર ફંડને પણ પ્રતિસાદ મળેલ છે.

(૯) તે ઉપરાંત 'પરિવર્તન ધામ-સ્ટાર ઓફ ઈન્ડિયાનાં મકાનમાં જીર્ણોદ્ધાર કરેલ છે. વાધર પરિવાર-જામનગર તરફથી સારો રીસ્પોન્સ મળેલ છે. તેને હજુ અદ્યતન કરવાની યોજના છે-જે અંતર્ગત પારસનાથ ભગવાનનું ચિત્રપટ, પૂ. ગુરુદેવશ્રી 'પરિવર્તન' કરી રહ્યા છે. તેવી લાઈવ પ્રતિકૃતિ, પૂ. ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ, પરિવર્તનનાં વિવિધ પ્રસંગો, આર્ટ ગેલેરી વગેરે બનાવવાની યોજના છે. મુમુક્ષુઓ આ આયોજનમાં દાનરાશિ પોતાની ભાવનાનુસાર આપી શકે છે.

વળી હાલ, પૂ. ગુરુદેવશ્રીની જન્મભૂમિ ઉમરાળામાં જીર્ણોદ્ધારનું કાર્ય પુરું થવામાં છે. જેને સારો પ્રતિસાદ દાતારો તરફથી મળેલ છે. ભોજનાલય તથા ઉતારા માટે એક મકાન પણ ખરીદ કરવામાં આવેલ છે.

(૧૦) જિનવાણી પ્રકાશનમાં સ્થાયી પુરસ્કર્તા યોજના અંતર્ગત ગુજરાતી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા લગભગ પૂરા થવાની તૈયારીમાં છે. હિન્દી પુસ્તકોનાં સ્થાયી પુરસ્કર્તા બાકી રહે છે. આ યોજનાને દાતાર તરફથી સારો પ્રતિસાદ સાંપડેલ છે.

(૧૧) ઉપરોક્ત હિસાબી અહેવાલ તથા હિસાબો જોતાં આપ સૌને ટ્રસ્ટની કાર્યવાહી, આવક-જાવક બાબત જાણકારી મળી શકશે. આપણા ટ્રસ્ટમાં અત્યારે જે આવક છે તેના પ્રમાણમાં ખર્ચ થાય છે; પણ બધાની અપેક્ષા મુજબ ઘણી જરૂરિયાત છે; તેના પ્રમાણમાં મોટું ફંડ ટ્રસ્ટ પાસે નથી. જેથી બધાં મોટાં કામો થઈ શકતા નથી. એ માટે મોટું ફંડ ઊભું કરવાની જરૂર છે. માટે આ બાબત દરેકને વિચારવાની જરૂર છે. સોનગઢ- સંસ્થામાં લાખોના ખર્ચ સામે લાખોની આવક હોવી જોઈએ.

(૧૨) ટ્રસ્ટની ઘણી યોજના તૈયાર કરવામાં આવી રહી છે પણ હાલ અતિથિગૃહના ચાર બિલ્ડિંગનું બાંધકામ ચાલુ છે જેની કિંમત રૂપિયા ૩ કરોડ થવા જાય છે. આવી મોટી રકમનું કામ ચાલતું હોવાથી એક સાથે બધી યોજના કરી શકાય નહી. જેથી ક્રમે ક્રમે યોજનાનું આયોજન કરી શકાય. તે આપને જણાવવામાં આવે છે.

(૧૩) ખડ્ગાસન બાહુબલીજી તથા જંબુદ્વીપની ભવ્ય રચના વિગેરેનું આયોજન કરવામાં આવેલ છે અને તે અંગે મોટી રકમના પ્રોમીસ મળી ગયા છે.

ઉપરોક્ત હિસાબો જોવાની જેમને ઇચ્છા હોય તેઓએ સેક્રેટરીને લેખિત જાણ કરવાથી સંમતિ આપે તે દિવસે આપ જોઈ શકશો.

ટ્રસ્ટીઓ,

તા. ૧-૧-૨૦૦૭

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

❀

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ

## તા. ૩૧-૩-૨૦૦૬નાં પુરા થતાં વર્ષનું આવક-જાવક પત્રક

| આવક | ૩૧-૩-૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૬ | જાવક | ૩૧-૩-૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૬ |
|---|---|---|---|---|---|
| ભાડા...... | ૨૨,૪૧૬ | ૩૧,૫૯૩ | મિલ્કત મરામત | ૩,૭૪,૯૨૦ | ૧,૦૮,૧૬૭ |
| વ્યાજ | ૫,૩૪,૧૭૩ | ૧,૫૫,૯૯૨ | વીમા પ્રીમીયમ | ૭,૩૫૭ | ૪૬,૬૫૦ |
| ડીવીડન્ડ વ્યાજ | ૨૨,૨૩,૦૪૮ | ૨૯,૨૫,૪૦૧ | વહીવટી ખર્ચ | ૩૭,૦૩૭ | ૪૦,૦૫૯ |
| દાન ખાતે | ૧૭,૮૭,૭૦૧ | ૧૫,૮૬,૨૪૭ | ઓડીટ ખર્ચ | ૧૨,૯૬૦ | ૧૨,૯૬૦ |
| ગુપ્ત ભંડાર | ૪,૬૧,૨૭૨ | ૫,૪૧,૩૮૭ | ચેરીટી કમી. ફાળો | ૫૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| અન્ય આવક | ૩,૯૫,૦૫૭ | ૩,૩૨,૨૪૦ | અન્યખર્ચ | ૫,૯૩૪ | ૬,૬૦૧ |
| કાયમી ફંડ ખાતે | | | વ્યાજ ખર્ચ | ૪,૦૮૦ | ૪,૦૮૦ |
| ટ્રાન્સફર | ૩,૭૯,૪૩૭ | ૫,૩૨,૮૬૩ | રીઝર્વ ફંડથી લાવ્યા | ૩૨,૯૭,૭૧૩ | ૧૬,૯૩,૭૭૧ |
| તુટ સરવૈયામાં | — | — | ધાર્મિક હેતુ ખર્ચ | ૧૯,૭૮,૦૦૩ | ૨૨,૫૩,૮૪૧ |
| | | | વર્ષ આખરે વધારો | ૩૫,૧૦૦ | ૧૮,૮૯,૫૯૪ |
| | ૫૮,૦૩,૧૦૪ | ૬૧,૦૫,૭૨૩ | | ૫૮,૦૩,૧૦૪ | ૬૧,૦૫,૭૨૩ |

## તા. ૩૧-૩-૨૦૦૬નું સરવૈયુ

| ફંડ જવાબદારી | ૩૧-૩-૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૬ | મિલ્કત-લેણું | ૩૧-૩-૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૬ |
|---|---|---|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૧૩,૭૦,૩૩૨ | ૧૩,૭૦,૩૩૨ | સ્થાવર મિલ્કત | ૩,૦૦,૬૬,૫૪૧ | ૩,૭૮,૫૫,૯૧૬ |
| * મિલ્કત ફંડ | ૧,૩૦,૪૪,૪૦૫ | ૩,૨૮,૫૩,૦૪૩ | ડેડ સ્ટોક ફર્નિચર | ૬,૦૭,૫૪૨ | ૮,૧૯,૮૯૧ |
| કાયમી ફંડ | ૨,૭૬,૭૯,૫૦૪ | ૨,૯૭,૯૮,૧૮૮ | જંગમ મિલ્કત | ૩૫,૧૪,૭૯૧ | ૩૮,૫૦,૩૨૪ |
| * ચાલુ ફંડ | ૧,૬૧,૩૪,૯૫૯ | ૩૪,૯૯,૧૮૭ | પુસ્તક, કાગળ | | |
| રૂમ બ્લોક ડીપોઝીટ | ૪૩,૬૮,૩૪૦ | ૬૦,૯૪,૩૪૦ | સ્ટોક, પ્રિન્ટીંગ | ૨૭,૮૬,૧૭૫ | ૩૦,૦૬,૯૪૭ |
| અન્ય દેવાં | ૨૫,૨૩,૨૮૮ | ૬૧,૭૩,૪૬૪ | જૈન સેવા સમિતી | ૧૩,૫૨,૨૯૨ | ૧૪,૧૪,૦૫૦ |
| જિણોધ્ધાર | | | અન્ય લેણાં | ૭,૪૯,૪૧૮ | ૪,૭૯,૬૯૦ |
| જોગવાઈ ફંડ | ૨૮,૭૦,૦૦૦ | ..... | રોકાણો | ૩,૭૦,૭૩,૦૦૦ | ૪,૨૦,૦૦,૦૦૦ |
| ઉપજ ખર્ચ | ૯૩,૭૦,૭૫૯ | ૧,૧૯,૩૦,૩૬૪ | બેન્ક બેલેન્સ | ૧૧,૯૬,૮૪૬ | ૨૨,૮૩,૨૭૮ |
| | | | પુરાંત | ૧૪,૯૮૨ | ૮,૮૨૨ |
| | ૭,૭૩,૬૧,૫૮૭ | ૯,૧૭,૧૮,૯૧૮ | | ૭,૭૩,૬૧,૫૮૭ | ૯,૧૭,૧૮,૯૧૮ |

| | | | |
|---|---|---|---|
| * મિલ્કત ફંડ ગ.વ. મુજબ | ૧,૩૦,૪૪,૪૦૫ | * ચાલુ ફંડ ગ.વ. મુજબ | ૧,૬૧,૩૪,૯૫૯ |
| ઉમેરો : ચાલુફંડમાંથી ટ્રાન્સફર | ૧,૨૬,૩૫,૭૭૨ | બાદ : મિલ્કત ફંડખાતે ટ્રાન્સફર | ૧,૨૬,૩૫,૭૭૨ |
| ઉમેરો : ચાલુફંડની ચાલુસાલની ભેટ | ૭,૩૭૬૩૬ | | ૩૪,૯૯,૧૮૭ |
| બાંધકામ જોગવાઈ | ૨૨,૦૦,૦૦૦ | કાયમી ફંડમાં ઉમેરો | ૨૧,૧૮,૬૮૪ |
| ઉમેરો ચાલુ સાલે મિલ્કત ફંડ ભેટ | ૪૨,૩૫,૨૩૦ | ચાલુ ફંડમાં ઉમેરો | ૪૯,૭૨,૮૬૬ |
| | ૩,૨૮,૫૩,૦૪૩ | ૭૩૭૬૩૬ } ૪૨૩૫૨૩૦ } | ૬૧,૦૫,૭૨૩ આવક દાન ભંડાર |
| | | | ૧,૩૧,૯૭,૨૭૩ |

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કહાન સુર્ય દિગંબર જૈન ભોજન સમિતિ, સોનગઢ
### તા. ૩૧-૩-૨૦૦૬ નાં પુરા થતાં વર્ષનું આવક જાવક ખાતુ.

| આવક | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|
| ભોજન આવક | ૯,૯૫,૬૮૪ | દુધ, શાકભાજી, બળતણ, પોસ્ટેજ, ટેલિફોન, પગાર, ઈલેકટ્રીક બીલ, કોઠાર વપરાશ વિગેરે. | ૨૬,૫૦,૬૭૯ |
| કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ | ૯,૫૫,૦૦૦ | | |
| કાયમી જમણનાં ખર્ચનાં સ્વાધ્યાય મંદિર પાસેથી | ૨,૦૦,૯૫૮ | | |
| ફોટા ફંડના વ્યાજનાં કાયમી ભોજનતિથિ તથા ધ્રુવફંડના | ૭,૩૫,૮૦૫ | ખર્ચ કરતાં આવકનો વધારો સરવૈયા | ૨,૭૫,૫૬૯ |
| બેન્ક વ્યાજ | ૫,૯૪૯ | | |
| ભંગાર વેચાણ | ૮,૫૫૨ | | |
| સાધારણ ગેસ્ટહાઉસ ભાડા આવક | ૨૩,૩૦૮ | | |
| અન્ય આવક | ૯,૯૨ | | |
| | ૨૯,૨૬,૨૪૮ | | ૨૯,૨૬,૨૪૮ |

### તા. ૩૧-૩-૨૦૦૬ના રોજ પુરા થતાં વર્ષનું સરવૈયુ

| ફંડ જવાબદારી | રકમ | મિલ્કત-લેણા | રકમ |
|---|---|---|---|
| સ્વામીવાત્સલ્ય ખુશાલી ફંડ | ૩,૬૦,૧૨૧ | કોઠાર સ્ટોક | ૨,૨૩,૦૦૭ |
| ઉપજ ખર્ચ ખાતુ | | અન્ય લેણાં | ૨૦,૯૦૦ |
| ગ.વ. મુજબ ૮૫૫૭૦૯ | | બેન્ક ઓફ ઈન્ડિયા એફ. ડી. | ૧,૭૮,૪૪૧ |
| ચાલુસાલનો ૨,૭૫,૫૬૯ | ૧૧,૩૧,૨૭૮ | બેન્ક ઓફ ઈન્ડિયા સેવીંગ | ૯૫,૨૩૮ |
| અન્ય જવાબદારી | ૧,૧૪,૫૪૯ | ડેડ સ્ટોક | ૯,૦૪,૫૨૬ |
| રીક્ષાફંડ | ૧,૬૨,૫૦૧ | રીક્ષા | ૧,૮૮,૩૬૦ |
| | | S. B. S. સેવીંગ | ૧,૫૫,૫૩૮ |
| | | પુરાંત | ૨,૪૩૯ |
| | ૧૭,૬૮,૪૪૯ | | ૧૭,૬૮,૪૪૯ |

## વૈરાગ્ય સમાચાર :—

પાણીસનાનિવાસી (હાલ બોરીવલી) નરોત્તમદાસ ભુરાલાલ શાહના ધર્મપત્ની જસવંતીબેન (વર્ષ–૭૨) માગસર વદી ૧૨ના રોજ ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

નાઈરોબીનિવાસી શ્રીમતી મણીબેન નેમચંદ કાનજી શાહ (વર્ષ–૮૮) તા. ૨-૧૧-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લંડનનિવાસી શ્રી મોહનભાઈના સુપુત્ર ચિ. કુંજ (વર્ષ–૩૭) તા. ૧૩-૮-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વની ઘણી રુચિ ધરાવતા હતા.

વિંછીયાનિવાસી (હાલ ઘાટકોપર) શ્રીમતી અંજવાળીબેન વૃજલાલ ફુલચંદ ધોળકિયાના સુપુત્ર ચિ. ભરતકુમાર (વર્ષ–૫૨) આસો વદી ૧ના રોજ ઘાટકોપર મુકામે અરિહંતશરણ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ અમદાવાદ-સોનગઢ) શ્રી ચીમનલાલ શિવલાલ સંઘવી (વર્ષ–૮૪)નું તા. ૧-૧-૨૦૦૭ના રોજ અમદાવાદમાં બે વર્ષની બિમારીથી દેહાવસાન થયું છે. તેમણે સોનગઢમાં રહીને પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં રહીને તેમની સેવાનો ૨૦ વર્ષ સુધી સારો લાભ લીધો હતો. પછી પણ સોનગઢ આવી કેટલોક સમય રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો લાભ લેતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## www.AtmaDharma.com

**www.AtmaDharma.com** નામની એક વેબસાઈટ લંડનના એક મુમુક્ષુ તરફથી મુકવામાં આવેલ છે. આ વેબસાઈટમાં સમયસારાદિ પરમાગમો, પૂજ્ય ગુરુદેવશ્રીના વીડીયો પ્રવચનો, ભક્તિ-સંગીત વગેરે મૂકવામાં આવેલ છે. જે કોઈપણ ચાર્જ વિના ડાઉનલોડ કરી શકાય છે.

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી સમયસાર કળશ-ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન |

## * શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણદિન *

આપણા પરમ પૂજ્ય દિગંબર-આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' માગશર વદ-૮, મંગળવાર, તા. ૧૨-૧૨-૨૦૦૬ના દિવસે હતો. આ અવસર શ્રી સીમંધરસ્વામી-સમવસરણમંદિરમાં પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવ્યો.

## * ષષ્ટમ બાલસંસ્કાર અધ્યાત્મ-જ્ઞાન શિબિર *

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૪-૧૨-૦૬ થી તા. ૨૯-૧૨-૦૬ સુધી શ્રી દિગંબર જેન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત, શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત ષષ્ટમ બાલ સંસ્કાર અધ્યાત્મ-જ્ઞાન શિબિર યોજવામાં આવી. જેમાં બાળકો અને વયસ્કોને શ્રી જિનેન્દ્ર અભિષેક–પૂજન–ભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીનાં કલ્યાણકારી CD પ્રવચનો તથા પૂજ્ય બહેનશ્રીની ઑડિયો તત્ત્વચર્ચા ઉપરાંત ત્રિસ્તરીય (ઉત્તમ-મધ્ય-જઘન્ય) શિક્ષણ વર્ગોનો પણ લાભ મળ્યો. આ શિબિરમાં આદરણીય બ્ર. શ્રી ચંદુભાઈ જોબાલિયા, બ્ર. શ્રી વજુભાઈ શાહ–વઢવાણ, શ્રી સુભાષભાઈ શેઠ–વાંકાનેર, શ્રી રાજુભાઈ કામદાર–રાજકોટ, શ્રી રમેશભાઈ મહેતા–સલાલ તથા બ્ર. કોકિલાબેન દ્વારા વિવિધ કક્ષાઓમાં અધ્યાપન કરાવવામાં આવ્યું. શિબિરમાં બાળકો દ્વારા સુંદર અંતાક્ષરી ક્વિજ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજુ કરવામાં આવ્યો. તા. ૨૯-૧૨-૦૬ના રોજ શિબિરાર્થીઓને કહાનગુરુ જન્મધામ ઉમરાળાની યાત્રાનો પણ લાભ મળ્યો. શિબિરનું આયોજન આત્માર્થી ભાઈશ્રી ખીમચંદભાઈના સ્મરણાર્થે શ્રી છગનલાલ કાળીદાસ વાઘર પરિવાર–જામનગરનાં સૌજન્યથી કરવામાં આવ્યું હતું. શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓને રહેવાની-જમવાની-પ્રવાસની સુંદર વ્યવસ્થા કરવામાં આવી. શિબિરમાં મોટી સંખ્યામાં બાળકો તથા વયસ્કોએ લાભ લીધો. સર્વે શિબિરના આયોજનથી ખૂબ જ પ્રસન્ન જણાતા હતા.

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૫મો અમૃત*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો "ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ" સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૫મી અમૃત વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૧૪-૩-૨૦૦૭ બુધવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. "સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ ૧૦-૩-૨૦૦૭ શનિવારથી તા. ૧૪-૩-૨૦૦૭ બુધવાર—પાંચદિવસ સુધી, શ્રી 'ત્રિલોક અકૃત્રિમ-જિનાલય પૂજા' પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહિનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણવર્ગ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ સમ્યક્ત્વ-જયંતી-મહોત્સવ તરીકે શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ (મુંબઈ) દ્વારા અતિ આનંદોલ્લાસ સાથે સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા.૨-૨-૨૦૦૭ શુક્રવારે સોનગઢમાં રાખવામાં આવેલ છે.

*નિમંત્રક*

*શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,*
*પાર્લા-સાંતાક્રુઝ (મુંબઈ)*

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૦૭
અંક-૫ * વર્ષ-૧

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. ..................
વાર્ષિક લવાજમ રૂા. ૯ આજીવન લવાજમ રૂા. ૧૦૧

## શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ તો શુદ્ધ જ્ઞાન વડે જ થશે!

વિશુદ્ધ શુભોપોગરૂપ પરિણામ, જૈનોક્ત સૂત્રોનું અધ્યયન, જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ, પંચપરમેષ્ઠીની ભક્તિ ઈત્યાદિ છે જે અનેક ક્રિયાભેદ તે વડે બહુ આક્ષેપ (આડંબર) કરે છે તે કરો, તથાપિ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધ જ્ઞાન વડે થશે. આ બધા કરતૂત અર્થાત્ ક્રિયાભેદ સહજપણે કષ્ટસાધ્ય છે. જેટલી ક્રિયા છે તે બધી દુઃખાત્મક છે, શુદ્ધસ્વરૂપ-અનુભવની માફક સુખસ્વરૂપ નથી. સકળકર્મક્ષયથી ઉન્મુખ છે અર્થાત્ તેઓ પરંપરાએ આગળ મોક્ષનું કારણ થશે એવો ભ્રમ ઉપજે છે તે જુઠો છે. હિંસા, અનૃત, સ્તેય, અબ્રહ્મ, પરિગ્રહથી રહિતપણું, મહા પરીષહોનું સહવું, તેના ઘણા બોજા વડે ઘણા કાળ પર્યંત મરીને ચૂરો થતા થકા ઘણું કષ્ટ કરે છે તો કરો, તથાપિ એવું કરતાં કર્મક્ષય તો થતો નથી!! *(શ્રી સમયસાર-કળશ, કળશ-૧૪૩)*

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662